# ગ્રાહકે વેલેડીટી રિચાર્જ કરાવી અને કંપનીએ પણ બેલેન્સમાંથી પૈસા કાપી લીધા : હવે રીફંડ આપવામાં ઠાગાઠૈયા

ગાંધીનગર, તા. ૧૯

દેશની અગ્રગણ્ય સરકારી મોબાઈલ કંપની બીએસએનએલ દ્વારા તાજેતરમાં વેલેડીટી વધારવા માટે એક નવી યોજના શરૂ કરાઈ છે જેના કારણે ગ્રાહકોએ તેમનું બેલેન્સ ગુમાવવાનો વારો આવ્યો છે.

આ યોજના અંતર્ગત બીએસએનએલ દ્વારા જે ગ્રાહકની વેલેડીટી પુરી થતી હોય અને જો તેમના ખાતામાં બેલેન્સ પડ્યું હોય તો બારોબાર બેલેન્સ કાપીને વેલેડીટી વધારી દેવામાં આવે છે.

ભારત સંચાર નિગમ લિ. પહેલેથી તેના મોબાઈલ નેટવર્કની ખામીઓ અને ગ્રાહકને આપવામાં આવતી સેવાઓ બાબતે ગ્રાહકોમાં માથાના દુઃખાવારૂપ સાબિત થયેલું છે. ખૂબ જ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની હોવા છતાં નેટવર્કની ગુણવત્તામાં ઉતરતી કક્ષાની છાપ ધરાવે છે. વળી, બીએસએનએલના કસ્ટમર કેર અંગે પણ ગ્રાહકોમાં અનેક પ્રકારનો અસંતોષ પ્રવર્તે છે. તાજેતરમાં જ બીએસએનએલ દ્વારા ગ્રાહકોના જમા બેલેન્સમાંથી બારોબાર જ પૈસા કાપી લઈ વેલેડીટી રિચાર્જ કરી દેવાનું શરૂ કરાયું છે. એક તો પહેલા લાઈફટાઈમ વેલેડીટીના નામથી ગ્રાહકો છેતરાયાનો અનુભવ કરી રહ્યા છે અને હવે દર છ મહિને વેલેડીટી માટેના ચક્કરમાં ફસાયાં પછી બેલેન્સ કપાઈ જવાથી ગ્રાહકો પરેશાની ભોગવી રહ્યા છે. જે ગ્રાહકોને આ યોજનાની ખબર ના હોય તેઓ વેલેડીટી માટે રિચાર્જ કરાવે છે અને કંપની દ્વારા પણ બેલેન્સમાંથી પૈસા કાપી લેવાય છે. આમ ડબલ પૈસા કાપ્યાં પછી પણ કંપની દ્વારા એક જ વેલેડીટી રિચાર્જ થાય છે અને એકના પૈસા કંપની પરત પણ નથી કરતી. ગ્રાહકોમાં એવો સવાલ ઉદ્ભવી રહ્યો છે કે જો સરકારી કંપની હોવા છતાં કોઈપણ વેલેડીટી કે અન્ય વળતર આપ્યા વગર કંપની પૈસા કેવી રીતે લઈ શકે ?

**બીએસએનએલ દ્વારા નવી સ્કીમ મુજબ ગ્રાહકના બેલેન્સમાંથી બારોબાર પૈસા કાપીને વેલેડીટી રિચાર્જ કરાય છે : સ્કીમથી અજાણ ગ્રાહકો બજારમાં પૈસા ખર્ચીને રિચાર્જ કરાવે છે પછી તેની વધુ વેલેડીટી નથી મળતી : સે. ૧૧ માં ફરિયાદ કરવા જનારને ઉડાઉ જવાબો અપાય છે**

ગાંધીનગરની સે. ૧૧ માં આવેલ બીએસએનએલની ઓફિસે કેટલાક ગ્રાહકો આ બાબતે ફરિયાદ કરવા ધસી ગયા તો તેમને આ બાબતે અમો કશું કરી શકીએ નહી તેવો ઉડાઉ જવાબ આપી દેવાય છે. આ કપાત તો ડાયરેક્ટ કંપનીમાંથી કરાય છે અને હવે આપનું રિચાર્જ થઈ ગયું છે એટલે તમે કરાવેલ રિચાર્જ અંગે કોઈ જ સંતોષકારક પ્રત્યુત્તર આપવામાં આવતો નથી. આ અધિકારીઓના ગ્રાહકો માટે આ પ્રકારના નકારાત્મક અભિગમથી ગ્રાહકોમાં આશ્ચર્ય સાથે નિરાશા ફેલાઈ રહી છે. બીએસએનએલ કંપનીની પોતાની ઓફિસ હોવા છતાં ગ્રાહકો સાથે જો આ પ્રકારનું ઉદ્ધત વર્તન કરાય તો એ કંપની પાસેથી વધુ સારી અપેક્ષા શુ રાખવી તેવું પણ કેટલાક ગ્રાહકો ચર્ચી રહ્યા છે. વધુ આશ્ચર્ય તો ગ્રાહકોને એ બાબતનું છે કે એક સરકારી કંપની હોવા છતાં ગ્રાહકોની અજાણતામાં થયેલું રિચાર્જનું કોઈ પણ પ્રકારનું વળતર કે વેલેડીટી આપ્યા વગર કંપની પૈસા કેવી રીતે રાખી શકે ? કંપનીએ સત્વરે આવા ગ્રાહકોના પૈસા રીફંડ કરવા જોઈએ તેવી ગ્રાહકોમાં માંગ ઉઠવા પામી છે.



જૈન સોશ્યલ ગૃપના ઉક્રમે ક્રિ્.ના વૃધ્દાશ્રમ સેકટર-૬ના લભાર્થે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગુરુવારે રાત્રે જુનું સામાજિક નાટક 'પત્તાની જોડ' રજૂ કરવામાં આવ્યું હતું. જાણીતા રંગભૂમિના કલાકાર એવા પી. ખરસાણી હતા. આ નાટયપ્રોયગને પ્રેક્ષકોની ભારોભાર પ્રશંસા મળી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# દહેગામ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને ૫.૮૧ કરોડની સહાય

## સ્વાવલંબન અભિયાન અન્વયે વિવિધ ૧૧ યોજનાઓના લાભ લેવા પ્રભારી મંત્રી નીતિન પટેલનો અનુરોધ : ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત અત્યાર સુધી રાજયમાં ૮૦ લાખ ગરીબોને ૧૨ હજાર કરોડની સાધન-સહાય

ગાંધીનગર, તા.૧૯

દહેગામ ખાતે આજે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળા દરમિયાન ૨૯૬૪ લાભાર્થીઓને રૂ. ૫.૮૧ કરોડની સહાય તેમજ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે જિલ્લા પ્રભારી મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં રાજયમાં ૮૦ લાખ ગરીબ લાભાર્થીઓને ૧૨ હજાર કરોડ ઉપરાંતની સાધન સહાય ચુકવવામાં આવી છે. તેમણે આ દરમિયાન સ્વાવલંબન અભિયાનની વિવિધ ૧૧ યોજનાઓની માહિતી આપી તેનો લાભ લેવા પણ અનુરોધ કર્યો હતો.



આ -સંગે જિલ્લા -ભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શરૂ કરેલો સાચા અર્થમાં ગરીબો, છેવાડાના માનવીઓના કલ્યાણ માટેનો આ મહત્વનો કાર્યક્રમ છે. ગરીબ કલ્યાણ મેળાના માધ્યમે અનેક ગરીબોને વિવિધ આવાસ યોજના હેઠળ સહાય અને પ્લોટ મળ્યા, રોજગારીનાં સાધનો મળ્યા, ખેડૂતોને કૃષિલક્ષી ઉપયોગી સાધનો મળ્યાં, યુવાનોને સ્વરોજગારીલક્ષી કીટ મળી, મહિલાઓને પણ વિવિધ લાભોનું સીધુ વિતરણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમથી અનેક ગરીબોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે, એ તેની સિધ્ધી છે. રાજયમાં અત્યાર સુધીમાં કુલ-૮૦ લાખ ગરીબ લાભાર્થીઓને રૂપિયા ૧૨ હજાર કરોડ ઉપરાંતની સાધન-સહાય આ મેળા અંતર્ગત ચૂકવવામાં આવી છે.

મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે નાગરિકોના -ેના ત્વરિત- સ્થળ પરના ઉકેલના હેતુથી શરૂ કરવામાં આવેલ લોકસંવાદ સેતુ, બજેટમાં નવી મુકાયેલી-વ્યાપ વધારાયેલ યોજનાઓ, મિશન મંગલમ, કૃષિ મહોત્સવ, શાળા -વેશોત્સવ, આરોગ્યની યોજનાઓના સફળ અમલીકરણની વિગતે વાત કરી હતી. સાથે જ, તાજેતરમાં વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમલી બનાવાયેલ જન ધન યોજનાના ઉમદા હેતુઓ, ગુજરાત સરકારની સ્વાવલંબન અભિયાનની ૧૧ યોજનાઓ વિશે રસ-દ વાતે કરી હતી, યોજનાઓના લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# અમદાવાદમાં ૧૦માં ગાહેડ પ્રોપર્ટી શૉનો પ્રારંભ

## મિલકત ખરીદનારા લોકોએ અમદાવાદમાં મકાન ખરીદવાની તક ના ચૂકવી જોઈએ : બીઆરટીએસ પછી બુલેટ ટ્રેન દ્વારા અમદાવાદ દેશના વિકાસમાં સિંહફાળો આપશે

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદમાં આજથી ૧૦માં ગાહેડ પ્રોપર્ટી શૉ ચાલુ થયો છે. તા. ૨૧મી સપ્ટેમ્બર સુધી ચાલનારા આ જાજરમાન પ્રોપર્ટી શૉ હેલ્મેટ ચાર રસ્તા પાસે આવેલ યુનિવર્સિટી કોન્વોનેશન હોલમાં યોજાયો છે. આ શૉમાં અમદાવાદ-ગાંધીનગરની કુલ ૬૦૦ જેટલી રહેણાંક અને કોમર્શિયલ પ્રોપર્ટી ઓફર કરાઈ રહી છે.




તાજેતરના સર્વે પ્રમાણે અમદાવાદ દેશમાં રહેવા માટેના સર્વોત્તમ સ્થળોમાં પ્રથમ ક્રમે આવ્યું છે. આ પાછળનું કારણ અમદાવાદનો ઝડપી વિકાસ અને વૈશ્વિક સ્તરે સુવિખ્યાત પરિવહન સુવિધા છે. આ સુવિધામાં મોખરે સ્થાને બીઆરટીએસ સેવા આવે છે. પરંતુ હવે દેશમાં ચાલુ થનારી બુલેટ ટ્રેન મેળવનારું અમદાવાદ પ્રથમ શહેર છે. ભારત સરકારના આ પગાલંથી અમદાવાદનું વિકાસ મુલ્ય જણાઈ આવે છે. આ ઉપરાંત રીવર ફ્રન્ટ દ્વારા પણ અમદાવાદ વિશ્વના અગ્રગણ્ય શહેરોમાંનું એક બનવા પામ્યું છે. નરેન્દ્ર મોદીની આગેવાનીમાં દેશ જયારે વિકાસની હરણફાળ ભરવા જઈ રહ્યો છે ત્યારે અમદાવાદનો આ વિકાસમાં સિંહફાળો હશે તે નિશ્ચિત મનાઈ રહ્યું છે. અમદાવાદમાં હવે પોતાનું એક ઘર હોવું એ ગૌરવવંતી બાબત ગણાશે તે ભવિષ્ય ઢુંકડું જણાઈ રહ્યું છે.

ગાહેડ પ્રોપર્ટી શોના આયોજક ગાહેડના પ્રમુખ યોગેશ ભાવસારે મિલકત ખરીદનાર લોકોને અમદાવાદમાં પ્રોપર્ટી ખરીદવાની આ સોનેરી તક ન ગુમાવવા જણાવ્યું છે. તેમણે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૦મા પ્રોપર્ટી શૉને અભૂતપૂર્વ પ્રતિસાદ મળશે તેવો આશાવાદ વ્યકત કર્યો છે. ગાહેડના મંત્રી સંજય જૈને આ શોમાં લોકોને તેમના બજેટમાં ઘર ખરીદવાની તક મળશે તે ઉપરાંત પ્રોપર્ટી પ્રિવિલેજ કાર્ડ અંતર્ગત એક કરોડ રૂપિયા સુધીના ઈનામો જીતવાની તક મળશે તેમ જણાવ્યું હતું. ભૂતકાળમાં અનેક લોકો આ શૉ થકી પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરી ચુકયા છે. અને હજુ પણ અનેક લોકોને પોતાના સપનાનું ઘર ખરીદવા આ પ્રોપર્ટી શૉ ખૂબ મદદરૂપ થશે તેમાં શંકાને સ્થાન નથી.

# કલોલ અને માણસા તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો આજે રમણભાઈ વોરાના અધ્યક્ષસ્થાને યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને હાથોહાથ આપવાના ઉમદા આશયથી રાજયભરમાં ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવે છે. કલોલ અને માણસા તાલુકાનો -ંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો તા.૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ગાયત્રી મંદિર, ગાંધીનગર - માણસા માર્ગ, માણસા ખાતે યોજાનાર છે. આ ગરીબ કલ્યાણ મેળો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણભાઈ વોરાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

માણસા ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં કુલ-૧,૫૩૧ લાભાર્થીઓને રૂપિયા ૨૭૯.૯૮ લાખની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવશે. જેમાં માણસા તાલુકાના ૮૨૮ લાભાર્થીઓને રૂપિયા ૧૯૨.૦૪ લાખની અને કલોલ તાલુકાના ૭૦૩ લાભાર્થીઓને રૂપિયા ૮૭.૯૪ લાખની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવનાર છે. આ ગરીબ કલ્યાણ મેળામાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેન શ્રી પુંજાજી ઠાકોર, સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના (ઉ.ગુ)ના ચેરમેન શ્રી ગણેશભાઈ ચોધરી સહિત અનેક મહાનુભાવો ઉપસથિત રહેશે.

# શ્રાધ્ધ કરવાનું ભુલાયુ હોય તો અમાસે કરેલું શ્રાધ્ધ સર્વ પિતૃઓને તૃપ્ત કરનારૂ ગણાય છે

## બે તેરસ પૈકી મંગળવાર સવારે ૧૦ પછી અમાસ શરૂ થાય છે, જે બુધવાર સવારે ૧૧ વાગ્યા સુધી રહે છે

ગાંધીનગર, તા. ૧૯

હિંદુ સંસ્કૃતિમાં પિતૃઓ અર્થે કરવામાં આવતા શ્રાધ્ધનો શ્રેષ્ઠ મહિમા છે અને પિતૃતર્પણની ઉત્તમ સમય શ્રાધ્ધ પક્ષ પૂનમથી શરૂ થઈ અમાસ સુધી થાય છે. શ્રાધ્ધ વિશે અનેક ગ્રંથોમાં વિસ્તૃત વિગતો આપી છે. જેમાં પિતૃ પક્ષની અમાસને સર્વ પિતૃ અમાવસ્યા (અમાસ) કહેવામાં આવે છે અને શ્રાધ્ધ પક્ષ દરમ્યાન જો કોઈ શ્રાધ્ધ કરવાનુ ભુલી ગયું હોય તો અમાસે કરેલુ શ્રાધ્ધ પિતૃઓને તૃપ્ત કરનારૂ ગણાય છે. હાલ શ્રાધ્ધ પક્ષે બે તેરસ પૈકી મંગળવાર સવારે ૧૦ પછી અમાસ શરૂ થાય છે. જે બુધવાર સવારે ૧૧ વાગ્યા સુધી રહે છે અને પિતૃ પક્ષની આ છેલ્લી તિથિ હોય છે.

ભાદરવાના વદ પક્ષને પિતૃ પક્ષ કહેવામાં આવે છે અને પિતૃતર્પણ માટે ભાદરવા વદથી શરૂ થઈને અમાસ શ્રેષ્ઠ સમય ગણાય છે. શ્રાધ્ધ પક્ષમાં જુદી જુદી તિથિઓ મુજબ શ્રાધ્ધ કરવામાં આવે છે. જેમાં શ્રધ્ધાપૂર્વક કરેલુ શ્રાધ્ધ પિતૃઓને તૃપ્ત કરનારૂ ગણાય છે. આ અંગે શાસ્ત્રી ભરતકુમાર કેશવલાલે ગ્રંથો આધારિત માહિતી આપતા જણાવ્યું હતું કે અકસ્માત અછવા અપમૃત્યુ કે અસ્ત્ર-શસ્ત્રથી અવસાન થયેલાનું શ્રાધ્ધ તેરસને સોમવારના રોજ કરવુ ઉત્તમ ગણાશે. જ્યારે કોઈપણ વ્યક્તિ શ્રાધ્ધ કરવાનું ભુલી ગયા હોય તો અમાસે કરેલુ શ્રાધ્ધ સર્વપિતૃઓને તૃપ્ત કરનારૂ ગણાય છે. જેમાં મંગળવારે સવારે ૧૦ વાગ્યા પછી અમાસ શરૂ થાય છે જે બુધવાર સવારે ૧૧ વાગ્યા સુધી રહે છે.



વધુમાં તેઓએ નૈમિતિક પ્રકાશ ગ્રંથનો ઉલ્લેખ કરી જણાવે છે કે લગ્નનો અર્થ છે કે લગ્ન કરી શ્રાધ્ધ કરવાથી પિતૃઓ તૃપ્ત થાય છે અને આ કર્મ કરવાથઈ પિતૃઋણમાંથી મુક્ત થવાય છે. ૧૮ પુરાણોમાં શ્રેષ્ઠ પૂરાણ મત્સ્ય પૂરાણ છે જેમાં શ્રાધ્ધ વિશે જણાવ્યું છે કે પિતૃશ્રાધ્ધ કરવાથી વંશની વૃદ્ધિ થાય છે તેમજ 'જનકો જન્મદાતા ચ રક્ષણાચ્ય પિતા નૃણામ પિતરદ' શબ્દ ઉપરથી પૂર્વજો એટલે કે પિતૃ શબ્દ આવ્યો છે. અને પિતરો ત્રણ પ્રકારના છે જેમાં (૧) ઉત્તમ (૨) મધ્યમ અને (૩) અધમ. ભગવાન વિષ્ણુનો પિપળામાં વાસ છે જેથી અમાસના દિવસે તાબાના કલશમાં જળ ભરી પિતૃઓને તૃપ્ત કરવા પિપળે જળ ચડાવવામાં આવે તે પણ પિતૃ દોષ નિવારણ માટે ઉત્તમ મનાય છે. આમ કોઈ સમયે પિતૃઓને યાદ ન કરો અથવા કોઈ વિધિ ન કરો પરંતુ શ્રાધ્ધ પક્ષમાં તેમને જરૂર યાદ કરી વિધિવત પૂર્વક અને શ્રધ્ધાથી શ્રાધ્ધ કરવાથી દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ સુખ અને શાંતિ મળે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૮

સૂર્યાસ્ત : ૬.૩૭

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૧૫

આગાડુ (તેલુગુ) : ૭.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : વ્યાપારક્ષેત્રેમાં પ્રવાસનું આયોજન થશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. જે આપના આનંદમાં વધારો કરશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહેશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વ્યાપારક્ષેત્રમાં સંભાળવું. ધાર્મિકયાત્રા પ્રવાસનું આયોજન થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. વ્યાપારક્ષેત્રે નવી યોજનાઓ સફળ થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. કોઈપણ નિર્ણય પોતાની બુદ્ધિમતાથી લેવો. નવા સંબંધો બંધાશે.

**મીન** : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. શીવરામભાઈ રામદેવભાઈ માળી (ઉ.વ.૫૫) ૪૦૭, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન મણીલાલ વ્યાસ (ઉ.વ.૮૨) બ્લોક નં. ૧૩૫/૧, ચ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ. હસમુખભાઈ વીરચંદદાસ પટેલ (ઉ.વ.૪૯) પ્લોટ નં. ૪૮૯/૪, સેક્ટર-૨૩, ગાંધીનગર
- સ્વ. ભવ્યદીપ હસમુખભાઈ પટેલ (ઉ.વ.૨૮) પ્લોટ નં. ૪૮૯/૪, સેક્ટર-૨૩, ગાંધીનગર